गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कंपोराजिर विभाग]


अनुक्रमांक ५३५३ वर्गांक

पुस्तकनुं नाम બાળાબોધ લિપિમાં ગુજરાતી

विषय ક ૧૭૩ ૫૮૬/૭૦, ભાષાશાસ્ત્ર

શેઠ નાનાભાઈ બેરામજી જીજીભાઈ.

ઉમર વરસ ૭૨.



જનમ—રોજ ૧૬ મો માહ ૨ જો શેહેનશાહી સને ૧૨૧૧ યઝદેજરદી,
તારીખ ૧૩ મી નવેમબર સને ૧૮૪૧ ઈસ્વી,
સંવત ૧૮૯૮ ના આસો વદ ૩૦ ને વાર સનેઉ.

મરણ—રોજ ૨૯ મો માહ ૫ મો શેહેનશાહી સને ૧૨૮૩ યઝદેજરદી,
તારીખ ૭ મી ફેબરવારી સને ૧૯૧૪ ઈસ્વી,
સંવત ૧૯૭૦ ના માહ સુદ ૧૨ ને વાર સનેઉ.

મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇ

તેમની સાહસીક કારકીરદી.

મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇનું ગુજશતે સાલમાં નીપજેલું મરણ, પારસી કોમનો એક દુખઃદાયક બનાવ છે, અને તેટલાં માટે અમે તેમની કારકીરદીની નોંધ તેમની મુબારક તશવીર સાથે અમારાં આ ઝોરાસ્ત્રીયન કેલેંડરમાં લઇએ છીએ. તેઓ પાછળથી પોતાના પીતાશ્રીનાં ત્રસ્ટની રૂએ તથા તેમના ગાદીનશીન તરીકે "શેઠ બેરામજી જીજીભાઇ બીજા" નાં નાંમે ઓલખાતા હતા. તેઓ મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇ મુગાના જેવા નામીચા શેહરી શેઠયા તથા પારસી અકાબરના નબીરા હતા, અને તેવાજ નામીચા પોતાના પોતા મરહુમ શેઠ બેરામજી જીજીભાઇ સી૦ એસ૦ આઇ૦ ની પેઠે પોતાના તે વડીલના જેવું સાહસીક, ઉમંગી તથા સખી તબે ખમીર ધરાવતા હતા, અને તેવણુની મોટાઇ તથા આતબરીનો પાયો એજ મરહુમ શેઠ જીજીભાઇથી પડયો હતો, જેથી તેમની કારકીરદીનું મંડાણુ આપણે તેજ શેઠ જીજીભાઇની કારકીરદીના આધારે કરીશું. મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇ કેવા નામીચા નર થઇ ગયા છે તેનો ટુકો પણ મોતેબર બયાન, તેમના મરણુ ટાણે મુંબઇનાં પ્રખ્યાત ચાબૂક પત્રે તેમનાં મરણ માટે વીલાપ કરતાં જાહેર કીધેલા નીચલા વિચારોથી વાંચનારાઓને આવશે :—

"શઘલાં પનકોમો વખણાંએલા અને શઘલા મહજબોમો બુજરેગી અને માન પામેલા માજદીઅશની ટોળાનો એક નામીચો આલીશાંન દોલતનીશાંન શેઠ જીજીભાઇ દાદાભાઇ મુંગાના... આએ ફાંની બેમતા અને વગર ભરોશાની દુનીઆંને પોતાનો મીટીથી શીનગારેલો જાંમો શોરી હેનાં અશોઇ ભરેલાં રૂઉએ જાવેદાની અને ખરા ભરોશાના ફુલકઉલ અફલાકમો હેનાં પાકીજે પેગમબરની બગલમો જાઇ વાંશો કીધો. એ મરનારની પીછાન તેહકીક કરવાંમો—એ નાંમવરે પોતાની ઘણીખરી વએ અતરેના નામીચા ઇરોપીઆંન તુજારો અને પેહેડીવાળાઓને તાહાં મોહોટી આબરૂ બારે હોરમત અને અટીશે આંતથી દલાલીનું કામ કરતો હતો, તેથી ફરી શું યુરોપીઅન, શું હીનદુ—મુસલમાન અને હમજનતી વેપારી વેહેવારીમો એ મરનાર સારી ઓલાખાન અને જાનપીછાન રાખતો હતો. એટલુંજ નહી પણુ તે સાથે ચીન અને ઇરોપ અને બીજા દેશોમો પોતાનો ખાસ વેપાર ચલાવતો હતો તેથી અતરેની શઘળી શોશાઇતી અને મંડળીઓમો જીજીભાઇ એક પેહેલા દરજાના વેપારીઓની તેક અને તેજ ધરાવતો હતો. આપણી અંજુમનનો એ એક અકાબર હતો. તે હેવો તો નીવરેઓ અને દીપી નીકલેઓ કે ગોએઆ ગરીબ લાચારોનો ખરો પીતા હતો. પહરેજગારી—એબાદત અને રીઆજતમો જીજીભાઈની પીછાંન લેવી હોએ તો એક દરમહેરનો ખાસ મુતવલી અને મોબેદોનો એક નમનતાઈ ભરેલો તાબેદાર—દીનદારીમો કોઇ ખરો જરથોસતીઓનો ઇઆર—દસતુર અને દાવરો ઉપર હમેશે એ કરતો હતો પીઆર તકલુફ—

તાજો વ તવાજોમો જીજીભાઇ એક અછો ઉમરા અને કોઇ ખરો નેકરાહા જરથોસતી હતો. મરનાર નમનતાઇ હેવી તો ધરાવતો હતો કે એક વેળાએ ફરમાન તેહેની આગળ શરમંનગી હાંશેલ કરતી હતી. ધરમમાતમાં અને સખાવતમો લાચારોનો શવાલ શમપુરન કરનાર શુધી દીઆનત, ચોખાં વેહેવાર, ખરી આંત અને વેપારીઓને કરતો હતો રાહાત. દોશતી, ખેરખાઇ અને મોહોબતમો એ મરનાર ખોશરો અને શીરીનની ખવાશનો હતો. પારશીમો શાહેબે શલતનતની ખવાશ ધરાવતો હતો, તોપણુ જાણે એક માહાજનના શેઠીયાની ખુબીનો દેખાતો હતો...શોદાગર હતો પણુ એક શાદો અને અમીરી મીજાજનો દરદી અને ગરજીઓનો દાદખાં...દુખીઆરાંઓનો નેધાબાંન...અને ગરીબોની ફરીઆદો ઉપર કરતો હતો હમેશે કાંન. અકલ અને હોશીઆરીમો કોઇ હતો ચતુરશજાન. એ મરનાર હંમેશ દાંનેશમંદો શંધાથે દોશતી રાખતો હતો અને હેનો જાંન હેકમત અને ખોદા તાલાની પેદાએશની પીછાન ઉપર કુરબાન હતો. જીજીભાઇ પોતાની છેલ્લી ધડી સુધી દોલતથી ભરપુર—એક બાએગવંત અને પુતરવાંન થાઇ ગયો. એ મરનાર હજારોસે વહેવાર રાખતો...સેંકડોનું પાલન કરતો હતો તેથી આએ ટાપુમો એ મરનાર એક બારી કીરતી અને અતીશે વખાણુ અને બારે માન ધરાવતો હતો. જીજીભાઇ એક રહેમ દીલનો–ખરી દેઆંનત–એટલુંજ નહીં પણુ આએ આબાદ વશતીમો હેની એટલી તો ખુબી હતી કે તે સરવેને ઇઆદ રહેશે કેઆમત–એ મરનાર ગરીબ અને તવંગીરની મોટાઇને એક કરી જાંનતો–મીશકીન હાલ ઉપર બારે દયા આનતો અને મોહટાઇ તો કસી તરેહથી નહી જાંનતો.”

એક આગેવાન શેહરી, એક કોમી અકાબર, એક સાહસીક વીર્લા તથા એક સખી દાતા ગ્રહસ્થ માટે આ કરતાં સરસ સર્ટીફીકેટ બીજી શું હોય? માત્ર ત્રણુ દજન લીટીના ટુંક ફકરામાં મરહુમ શેઠ જીજીભાઇની કીર્તિમાન કારકીરદીનો એક અતી અસરકારક અર્ક ખેંચી રજુ કરવામાં આવ્યો છે. એમાં જે જે સદગુણો મરહુમ શેઠ જીજીભાઇને લાગુ પાડેલા છે તે તે સદગુણો એક કુદરતી વારસા તરીકે તેમના સાહસીક તથા સખીપુત્ર મરહુમ શેઠ બેરામજી જીજીભાઇને મલેલા હતા, અને તે પછી કીંવા તેમની જોડેજોડ શેઠ બેરામજીના પુત્ર શેઠ નાનાભાઇ બેરામજીમાં પણુ તે સદગુનો પુરેપુરા ઉતરેલા હતા. તેનો ખ્યાલ, હેઠળ પ્રગટ કીધેલા તેમની જીંદગીના હેવાલથી વાંચનારાઓને આવશે. એ હેવાલનો જો સાર આપણે ખેચીએ તો તે એજ છે કે, મરહુમ શેઠ નાનાભાઇ પોતાના જમાનામાં, પોતાની જાહેર કારકીરદીના હીગામમાં મુંબઇ શેહર તથા ઇલાકામાં, અકસર કરી પારસી કોમ, તથા વેપારી, વેહવારી અને રાજદવારી આલમ વચે એક પહેલા નંબરના સાહસીક પુરૂષ થઇ ગયા છે. સાહસીક જોડે તેઓ એક સખીદસ્ત નર પણુ હતા, અને જોકે તેમની પોતાની જાહેર સખાવત તેમના બાવા તથા દાદાના જેટલી ધણુા મોટા વીસ્તારની નોધાઇ નથી, તોપણુ તેમની ખાનગી સખાવત, દયાદાન, ધન ઉપરાંત તન મન તથા લાગવગની મદદો બેશુમાર હતી. તેમની દોલત જેટલી મોટી હતી તેટલેજ તેમનો લાગવગ પણુ બહોલો હતો, અને તે પ્રજા ઉપરાંત સરકાર દરબારમાં મોટી હદ સુધી પહોચેલો હતો, જેના પ્રતાપે તેઓ સેંકડો બલકે હજારો હાજતમંદોનું, ખાસ કરી પોતાના હમદીનોનું કલ્યાણુ કરી ગયા છે, જેમકે તેઓએ ઘણાઓને ચાકરી ધંધે લગાડયા હતાં, ઘણાકોને સજાના ભોગ થતા બચાવ્યા હતા; ઘણાઓને આફતોથી ઉગાર્યા હતાં; ઘણાઓને કોર્ટ દરબારે લડી ખુવાર થતા, પોતાની સલાહ તથા લવાદી વડે બચાવ્યા હતા, સાહસીકપણુા તથા સખાવત ઉપરાંત

તેમની બુધી બહુ વીલક્ષણ તથા હીમત, ઉલટ ને જોમ અજીત હતાં, અને તેથી ધારેલું કીવાં હાથ ધરેલું કામ, હમેશા પાર પાડવામાં તેઓ ફતેહમંદ નીવડતા હતા. તેમનો સખુન સરવેમાં પોકાતો હતો, અને તેમની મીત્રાઇ તથા આગેવાનીમાં મોટા મોટાઓ માન સમજતા હતા. તેઓ જાતે મોજી, લેહરી તથા સખી હતા, અને તેમની પરોણાગત રોજીંદી, મોટા દમામની તથા બહોલા વીસતારની હતી. કુદીબંધ ખાતાંઓ, કંપનીઓ, મીલો વગેરે સાથ તેમને સંબંધ હતો, એવાં ખાતાં કોઇજ હશે કે, જેના તેઓ મેમ્બર થયા ન હોય તેવાં કેટલાકોના તો તેઓ સ્થાપક, ડીરેક્ટર, તથા પ્રમુખ હતા. તે વેલાની મુંબઇની લગભગ દરેક જાહેર હીલચાલો તેમની આગેવાનીથી થતી; કહોકે મુંબઇમાં કોઇપણ એક જાહેર હીલચાલ બરપા કરવાને નાનાભાઈ બેરામજીનું નામજ બસ હતું, અને હર કોઇ જાહેર કામની ફતેહનો આધાર મુખ્યત્વે તેમની શામેલગીરી યા આગેવાની પર રહેતો હતો. સરકાર દરબાર તથા અંગ્રેજ ઓધેદારોમાં તેમનાં માન, મીત્રાઇ તથા વગ ઇર્ષા કરવા જોગ હતાં; અને તેથી તેઓ એવા મોટા લોકોમાં પોતાના વગલાગથી લોક હીતનાં કાર્યો બજાવતા, મુફલેસોનું ભલું કરતા, તથા પોતાના કોમીઓને લાભ નીપજાવી આપતા હતા. કેટલાક દાખલામાં તો વાજબીપણાં માટે ઓધેદારો સાથ બાથ ભીડવાના તેમના દાખલા પણ જાહેર થયલા છે. ટુંકમાં, શેઠ નાનાભાઇ એક ખરેખરા કોમના હીતવાળા શેઠયા થઇ ગયા છે. જાહેર સભાઓ તથા મંડળોમાં તેઓ હંમેશા કામ બજાવનારા હતા. દલગીરીની વાત એજ છે કે, તેમની એ અતી ઝલકતી કારકીર્દી તથા જાહોજલાલી તેમની જીંદગીના છેડા સુધી બરકરાર રહેવા પામી નહી. તેમની પાછલી જીંદગી જો કે માન સાથે તોપણ જાહેર ચલવલની વીખ્યાતી રહીતજ પસાર થઇ. જો તેમની સદરહુ પ્રકારની કારકીર્દી તેમની જીંદગીના અંતસુધી ચાલુ રહેત તો, તેઓ પોતાનાં શહેર તથા કોમને હજી બહુ મોટા તથા સંગીન લાભો અર્પણ કરવા જોડે પોતાનું નામ વધારે યાદગાર તથા અમર કરી જાત; પણ કુદરતના ભેદ ઓરજ હોય છે. માણસ ધારે છે શું અને ખોદા કરે છે શુ! જેમ રાજ તથા પ્રજાની ચઢતી સદા અચલ રહી શકતી નથી, તેમ કેટલીકવાર અને કેટલાક દાખલામાં મનુષ્ય વ્યક્તીને પણ કુદરતના એ અચુક તથા ભેદી નીયમને આધીન થવુ પડે છે. શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇનું જાહેર જીંદગીથી ઝલકતી કારકીરદી વચે રીટાયર થવું એ તેમનાં શેહર તથા કોમને એક મોટી ખોટ સમાન હતું. તે પછી તેઓ જો કે જાહેર હીલ-ચાલોથી સદંતર અલગ રહયા હતા, તોપણ તેમની ખાનગી સખાવત, મદદ, તથા પરોણાગત તો ચાલુજ હતી, આપણે મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇનાં પવીત્ર રૂહને બેહસ્તની રાહત ચાહવા જોડે, તેમની ફલદરૂપ જીંદગીના નીચલા હેવાલથી મલતા ધડા લઇને સંતોષ પામીશું:

મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇની જાહેર કારકીરદી તથા એવણની જીંદગીનું વૃતાંત.

શેઠ બેરામજીનો જનમ તથા એવણનું કુટુંબ.

મરહુમ શેઠ નાનાભાઇ બેરામજી જીજીભાઇ ૭૩ વરસની બુઝરગ વયે રોજ ૨૯ મે માહા ૫ મે સને ૧૨૮૩ યજદેજરદી, યાને તા૦ ૭ મી ફેબરૂવારી ૧૯૧૪ ને વાર સનેઉને દીને મુંબઇ ખાતેનાં એવણના તારદેવ કેસતલવાલા રહેવાના બંગલામાં બેહેસતનશીન થયા હતા. એવણનો જન્મ રોજ ૧૬ મે માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૧૧ યઝદેજરદી, તા૦ ૧૩ મી નવેમ્બર સને ૧૮૪૧ અને સંવત ૧૮૯૮, સાકે ૧૭૬૩ ના આસો વદ ૩૦ ને સનેઉને દીને થયો હતો.

શેઠ નાનાભાઇ અતરેના જાણીતા શેહેરી શેઠ બેરામજી જીજીભાઇ સી. એસ. આઇ. ના એકદપુરા બેટા થતા હતા. એવણના પીતાજી શેઠ બેરામજીને ત્યાં ૧૧ ફરજંદોની વરૂદી થઇ હતી. શેઠ નાનાભાઇના માતાજી બાઇ માણેકબાઈ મરહુમ સખી શેઠયા શેઠ સોરાબશાહ દાદાભાઇ લામના બેટી થતાં હતાં.

શેઠ નાનાભાઇની શાદી રોજ ૨૨ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૨૫ યઝદેજરદી, તા૦ ૧૪ મી મે સને ૧૮૫૬ ને વાર બુધને દીવસે જાણીતા શેહરી શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇની બેટી બાઈ સાહેબ હીરાંબાઇ જોડે થઈ હતી. એ બાઇ સાહેબ પણ પોતાનાં ખાનદાંનની તાસીર પ્રમાણે ઘણાં ખબરદાર અને સખાવત કરનાર હતાં. એ મરહુમનાં પુણ અરથે તારદેવ ખાતે ધરમનું એક દવાખાનું સ્થાપવામાં આવેલું છે.

મરહુમ શેઠ નાનાભાઇને ત્યાં બે બેટાઓની વરૂધી થયલી હતી, જે મધેના નાના બેટા દાદાભાઇ ૫ વરસની નાહાલી વયે ગુજરી ગયા હતા. વડા બેટા શેઠ રૂશતમજીનો જનમ રોજ ૪ થો શરેવર માહા ૭ મો મેહેર શેહેનશાહી સને ૧૨૩૩ યજદેજરદી, તા૦ ૨૫ મી મારચ સને ૧૮૬૪ અને સવંત ૧૯૨૦ ના ફાગન વદ ૨ ને વાર શુકરને દીને થયો હતો. અતરેના જાણીતા શેહેરી શેઠ બહમનજી દીનશાહ પીટીટ શેઠ નાનાભાઇના જમાઇ થાય છે. બીજા બે જમાઈઓમાં ડાકટર નાનાભાઇ અરદેશર ફરામજી મુસ તથા શેઠ ફરામરોજ હોરમસજી એ. આલબલેસ છે.

૧૮૯૦ના સાલમાં શેઠ નાનાભાઇએ પોતાના પીતા આનરેબલ શેઠ બહેરામજી જીજીભાઇના મરણ બાદ પોતાના પીતાના કીધેલા ત્રસટની રૂએ "બહેરામજી જીજીભાઇ" નામ એખતયાર કીધું હતું.

શેઠ નાનાભાઈના પીતા શેઠ બેરામજીની કારકીરદી.

શેઠ નાનાભાઇના પીતા મરહુમ શેઠ બેહેરામજી જીજીભાઇ સી. એસ. આઇ. જેવણ તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૯૦ ને દીને અત્રે ૯૮ વરસની વયે ગુજરી ગયા હતા. તેવણે પ્રથમ ૧૮૪૧ ના સાલમાં પોતાના બાપની પેહેડીમાં ભાઇઓની સાથે જોડાઈ જીજીભાઇ દાદાભાઈના

છોકરાઓની કંપનીને નામે વેપાર ચલાવ્યો હતો અને ૧૨ વરસ પછી તે પેહેડી બંધ થતા પોતાને હીસાબે વેપાર તથા આડતનું કામ તેમજ યુરોપીયન પેહેડીઓમાં દલાલનું કામ કરવા માંડયું હતું. એવણ ૪ વરસ સુધી મુંબઇની ધારા બાંધનારી સભાના કાઉનસીલર હતા. શેઠ બેહેરામજી એક દીનચુસત જરથોસ્તી હતા અને એવણે લોકોના ફાયદા માટે ઘણી મોટી સખાવતો કીધી હતી. એવણે પુના અને અમદાવાદમાં મેડીકલ સ્કુલો, થાણામાં હાઇસ્કુલ, ભીંવડીમાં પ્રાથમીક કેળવણીની સ્કુલ, મેહેમુદાબાદમાં દવાખાનું વગેરે સરવોપયોગી કામો કીધાં હતાં. એવણના નબીરા શેઠ રૂસતમજીએ એવણને નામની માથેરાનની ઑસપીટલનો ઉમેરો શેઠ બેહેરામજીના ધરમખાતામાંથી કરયો છે. શેઠ બેહરામજીએ રવાનોને અવલમંજલ પહોંચાડવાના ફંડો સ્થાપયાં હતાં તેમજ એવણના મરણની થોડાજ દીવસ આગમજ એવણે મુંબઇ મધે પારસીઓના છોકરાને માટે એક મોટી સ્કુલ ઉઘાડવાને રૂપીઆ સાડાત્રણ લાખ એલાહેદા કહાડયા હતા, જે તેમની વરસીને દીને ઉઘાડવામાં આવી હતી. એમાં પાછલથી વેપારી કાલેજ જોડવામાં આવી છે અને જેના પ્રતાપથી હજારો ગરીબ જરથોસતી છોકરાઓ વેપારી કેળવણીના મીઠાં ફળ ચાખી કામ ધંધે લાગે છે. શેઠ બેરામજીએ પોતાના વગવસીલાથી સેંકડો જણાઓને નોકરી ધંધે લગાડયા હતા. સને ૧૮૬૪–૬૫ ના સેર સત્તાના વખતમાં એવણે પોતાની કીમતી સલાહ લોકોને આપી તેઓને ખુવાર થતા બચાવ્યા હતા.

શેઠ બેરામજીનો મોભો અને માન એટલા બધા હતા કે મોટા મોટા અમલદારો, શેઠયા, ગવરનરો વટીક એવણ શેઠની મુલાકાતે આવતા હતા. તા૦ ૫ મી એપ્રીલ ૧૮૭૧ ના દીવસે મુંબઇના તે વખતના ગવરનર સર સેમોર ફીટઝરાલ્ડે પોતાના રસાલા સાથે તેવોની મોલાકાત વાંદરા ખાતે દરીયે કીનારેના એવણના મસહુર બંગલામાં લીધી હતી, જ્યાં નામદાર ગવરનરે તેવો સાથે રાતે ખાણું પણ લીધું હતું. એજ નામદાર ગવરનરના માનમાં શેઠ બેહરામજીએ ૧૮૭૨ ના માર્ચ માસમાં પોતાના નબીરા શેઠ રૂસતમજીનાં લગનને ટાંકણે એક બોલનો મેળાવડો કરી તેમાં નામદાર ગવરનર સર સીમોર ફીટઝરાલ્ડને અને મુંબઇના ઘણાખરા યુરોપ્યન બાનુઓ તથા ગ્રહસ્થોને નોતરયા હતા, તેમજ એ ટાકણે ઘણા દાહાડા વેર બીજી ઘણી પુશકલ ખાણી-પીણીની મીજલશો કીધી હતી.

શેઠ બેરામજી જીજીભાઇએ સ્થાપેલું પોતાની દોલતનું ત્રસ્ત.

તા૦ ૫ મી મારચ ૧૮૭૨ ને દીને મરહુમ શેઠ નાનાભાઇના દીકરા શેઠ રૂસતમજીનાં લગનની નવજોતની મીજલસમાં તેમના પીતા આ૦ શેઠ બેરામજી જીજીભાઇ તરફથી શેઠ નવરોજજી ફરદુનજીએ એક અંજુમન પત્ર વાંચી સંભળાવ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે તેવણે તા૦ ૧૪ મી ફેબરવારીને દીને પોતાની પુંજીમાંથી એક પાકકું ત્રસ્ટ દીડ કરી તેની ઉપજ તેમની પહેડી દર પેહડી વડા દીકરાને મળતી જાય એવો બંદોબસ્ત કરયો હતો. એ ઉપરાંત તે સાતે એક ધરમ ફંડ પણ સ્થાપ્યું હતું. એ ત્રસ્ત દીડના ત્રસ્ટીઓ તરીકે શેઠ બેરામજી જીજીભાઇ પોતે તથા બીજા સાહેબો જોડે મરહુમ શેઠ નાનાભાઇ બેહરામજી પણ નેમાયા હતા. એ ત્રસ્ટ મધે પોતાની ૪ લાખની નોટો, ૧૦૦ જી. આઇ. પી. રેલ્વેના શેરો તથા એકવીસ લાખ રૂપ્યાની કીમતની ૨૨ મીલકતો આપી હતી અને જેમી વારેસને એ ત્રસત પ્રમાણે ઉપલી સરવે એસટેટની ઉપજ મળે

તેણે પોતાનાં નામની સાથે અટક તરીકે અથવા એખલું "બેહેરામજી જીજીબાઈ" નામ રાખવાની ફરમાસ કીધી હતી.

શેઠ નાનાભાઈની શરૂઆતની કારકીરદી

શેઠ નાનાભાઇએ કોટ મધેની મી૦ બોસવેલની તથા પાછળથી મી૦ હીનટનની સ્કુલોમાં કેળવણી લીધી હતી. એ પછી શરૂઆતમાં એમણે પોતાના માનવંત પીતાના હાથ તળે ધંધો રોજગાર કરવા માંડયો હતો. સને ૧૮૬૫ માં શેઠ નાનાભાઇ વેપારી તરીકે બહાર પડયા હતા અને એવણ મેશરસ જયોરજ એસ. કીંગની કંપનીમાં જોડાયા, જે પેઢી લીવરપુલવાલા મેશરસ કીંગ બ્રધર્સની સાથ આડત ધરાવતી હતી. સને ૧૮૭૩ માં આ પેઢી બંધ થઇ, પણ મેનચેસટરવાલા મેશરસ જેમસ બરટન સનસની આડત શેઠ નાનાભાઇના હાથમાં ૧૮૮૩ સુધી રહી હતી. બાહોશ અંગ્રેજ વેપારીઓ સાથે સમાગમમાં આવવાથી એવણને વેપારને લગતું ઘણું સારૂં ગ્નાન મલ્યું હતું.

શેઠ નાનાભાઇએ કરેલી સખાવત.

શેઠ નાનાબાઇએ તા૦ ૧ લી એપ્રીલ ૧૮૬૮ ને દીને એવણના માતાજી બાઈ માણેકબાઇ બેરામજી જીજીભાઇના ઉઠમણામાં ભરેલા રૂ. ૧૦૦૦ મુંબઇની પારસી પંચાયતને આપ્યા હતા. વળી એ સખી શેઠીયા તરફથી સને ૧૮૬૨મા સ્ટુડંટસ લીટરરી એંડ સાયનટીફીક સોસાયટીના ફંડમાં, મરહુમ શેઠ બમનજી હોરમજી વાડયાની યાદગારીના ફંડમાં, સને ૧૮૬૯ માં નામદાર ગવરનરની કાઉનસીલના અધીકારી ઓનરેબલ મી૦ બી. એચ. એ. એલીસને આપવામાં આવેલા માનપત્ર તથા યાદગારીનાં ફંડમાં (એ ફંડની કમીટીમાં એવણને એક અધીકારી નેમ્યા હતા); સને ૧૮૭૦ ની તા૦ ૩૧ મી જાનેવારીએ નામદાર મરહુમ મહારાણી વીકટોરીયાના બીજા પુત્ર શાહજાદા આલફ્રેડ ડયુક ઓફ એડીનબરો દુનીયાની સફરે ફરતા ફરતા મુંબઇ પધારયા હતા, તેમને લાયક આદરમાન આપી તેમની યાદગારી અત્રે કાયમ રાખવા માટે અત્રેના દેશીઓએ ઉગાડેલા ફંડમાં તેમજ ૧૮૭૫ માં નામદાર મહારાણીના પાટવી કુંવર મુંબઇમાં આવેલા તેમને માન આપવા ઉઘાડેલાં ફંડમાં, તા૦ ૩ જી જુલાઇ ૧૮૬૯ ને દીને પ્રોફેસર દાદાબાઇ નવરોજીને આપણા મુલક માટેની કીંમતી બીનસવારથી સેવાના બદલામાં એવણને આપેલા માનપત્ર માટે ઉઘાડેલા ફંડમાં (એ ફંડની કમીટીમાં એવણને એક અધીકારી નેમ્યા હતા); સને ૧૮૭૨માં શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ ફંડમાં તથા ૧૮૭૫ માં અમદાવાદની રેલનાં ફંડમાં અને એવાં બીજા ઘણાંક દુકાળ, સંકટ અને યાદગારી વગેરેના ફંડોમાં તેમજ જાહેર ધરમખાતાંઓમાં હમેશા નાણાની સારી રકમ ભરવામાં આવતી હતી. એવણે સેંકડો ગરીબ કુટુંબોની દુવા સખાવતની મદદ કરીને મેલવી હતી.

શેઠ નાનાભાઇની ઉદારતા હાતમ દીલની હતી, અને કોઇ પણ ગરીબ હાજતમંદ આદમી એમની આગળથી ખાલી હાથે જતો નહીં હતો. દરેક વરગનાં મોટાં યા ગરીબની પરોણાગત કરવામાં એવણના પીતા એકકા હતા. તેવોનેજ પગલે એવો ચાલતા હતા. શેઠ બેરામજી વરસની જુદી જુદી મોસમોમાં પુને, માથેરાન, ખંડાલા વગેરે મથકોએ લાંબો વખત રેહવા જતા હતા ત્યારે પોતાની સાથે ઘણાંક દોસ્તોને લઇ તેવોની અગતાસવાગતા કરતા હતા. તેમજ કોઇ મીત્ર કે ઓલખીતાને હવા ફેરફાર કરવાની જરૂર છે એમ એવણને માલમ પડતું તો તેને

ખાસ ઇજન કરી પોતાની સાથે લઇ જતા, એટલુંજ નહી પણ તેની માવજત પાછલ પોતેજાતે દેખરેખ રાખતા. એવીજ રીતે શેઠ નાનાભાઇ પણ પોતાના દોસ્તોને બહારગામમાં પોતાના મકાનોમાં પરોણાગતનો લાભ આપતા હતા. તે વખતે હાલની માફક એ મથકોએ પારસી હોટલો હતાં નહી. શેઠ નાનાભાઇ ખંડાળે માથેરાન વગેરે ઠેકાણે જતા હતા ત્યારે અવારનવાર ત્યાંની સ્કુલના છોકરાંઓને પારટી આપી રમતગમતથી એ ભુલકાંઓને શાદ કરવામાં મોજ માનતા હતા.

મરહુમ શેઠ નાનાભાઇએ પોતાના ચાલતા વખતમાં વડોદરા રેલવેના આગલા એજંટો મી૦ કરી અને મી૦ મેથ્યુ તથા ત્રાફિક મેનેજર મરહુમ મી૦ જે. આર. ડકસબરીની સાથે તેમજ સરકારી વઇદક ખાતાના મોટાં ઇંગ્રેજ અમલદારો તેમજ બીજાં ખાતાંઓના અમલદારો તથા વેપારીઓ સાથે પોતાને ઘણું સારૂં હોવાથી તેમનીપર ભલામણપત્રો આપીને રેલવેમાં, સરકારી આફીસોમાં, વેપારી પેહડીઓમાં, સરકારનાં વઇદક અને અબકારી અને બીજાં ખાતાંઓમાં સેંકડો ગરીબ હમદીનોને નોકરીએ લગાડવામાં સેહજ પણ કચાસ રાખી હતી નહી અને બીજી અનેક રીતે તનમનધનથી તેઓની સેવા બજાવી હતી.

નામદાર સરકાર તરફથી મળેલું માન.

શેઠ નાનાભાઇને તા૦ ૨૯ મી અકટોબર ૧૮૬૮ ને દીને મુંબઈની નામદાર સરકારે જે. પી. યાને સુલેહના અમલદાર અને તા૦ ૧૮ મી જાનેવારી ૧૮૭૨ ને દીને મુંબઇ યુનીવરસીટીના ફેલો તરીકે નેમી માન આપ્યું હતું.

શેઠ નાનાભાઇ જાહેર લેવીમાં હમેશ સામેલ થતા હતા. ૧૮૭૨ માં મુંબઈના નામદાર ગવરનર સર સેમોર ફીટઝરાલ્ડે અત્રેની ટાઉન હોલ મધે ભરેલી લેવીમાં તેમની મુલાકાતે બીજા પારસી ગ્રહસથો ભેગા એવણ પણ હાજર હતા. ૧૮૭૨ માં ગવરનંર સર ફીલીપ વેડહાઉસે તથા વાઇસરાય લોરડ નોરથબરૂકે ભરેલી લેવીઓમાં શેઠ નાનાભાઇ સામેલ હતા. ૧૮૭૫ માં પ્રીનસ ઓફ વેલસની અને ૧૮૭૯ માં ગવરનર સર રીચરડ ટેમપલની લેવીમાં તેવણે હાજરી આપી હતી. એજ માફક તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૬૮ ને દીને રાત્રે અત્રેના નામદાર ગવરનર સર સેમોર ફીટઝરાલ્ડે પરેલ સરકારી મેહેલમાં એક 'રીસેપશન' ભરયું હતું, તે વેળા પણ શેઠ નાનાભાઇ હાજર હતા, તા૦ ૧૧ મી મારચ ૧૮૭૦ ને દીને સાંજે નામદાર શાહજાદા આલફરેડ ડયુક ઓફ એદીનબરો બોરીબંદર સટેશનપરથી ઉતરયો હતો અને પરેલ સરકારી મેહેલમાં ઉતારો લીધો હતો. આ વેળા રાત્રે તે નામદારની મુલાકાતે આવનારાઓનું રીશેપશન ભરવામાં આવયું હતું, જે વેળા શેઠ નાનાભાઇએ પણ હાજરી આપી હતી. હીંદના વાઇસરાય લોરડ નોરથબરૂક ૧૮૭૨ નાં સાલમાં મુંબઇ ખાતે દરબાર ભરવાને આવયા હતા તેમને આદરમાન આપવાને નેમાયલી રીસેપશન કમીટીમાં મરહુમ શેઠ નાનાભાઇની નેમણુંક થઇ હતી. તે દરબારમાં એવનને નોતરૂં થયું હતું.

નામદાર સરકારે સરકારી સેવીંગઝ બેંકના એક ડયરેકટર તરીકે તા૦ ૩૦ મી અકટોબર ૧૮૭૩ ને દીને શેઠ નાનાભાઇની નેમણુંક કરી હતી, અને યુનીવરસીટીની બોરડ ઓવ એકા-ઉનટસના મેમમર તરીકે પણ કેટલાંક વરસો સુધી એ શેઠે કામ કરયું હતું. ૧૮૮૪ ના જુન માસમાં સીવીલીયન મી૦ ડબલયુ. બી. મયુલકના પ્રમુખપણા હેઠળ નેમાયલાં ફેકટરી કમીશનના

મેમબર તરીકે શેઠ નાનાભાઇને નેમવામાં આવયા હતા. તેવણુ હીંદની રોયલ જ્યોગ્રાફીકલ સોસાયટીના તથા સાસુન મીકેનીક ઇનસટીટયુટના લાઇફ મેમબર હતા. યુરોપમાં ભરવામાં આવેલાં અનેક પ્રદરશનોને લગતી સથાનીક કમીટીના મેમબર તરીકે નામદાર સરકારે શેઠ નાનાભાઇની નેમણુંક વખતો વખત કરી હતી. ઓસ્ટ્રેલીયાના મેલબોરન ખાતે સને ૧૮૮૦ માં ભરાયલાં પ્રદરશનમાં આ ઇલાકાની સરવ પેદાયશો ઘટતી રીતે રજુ કરવા માટે નામદાર સરકારે ૧૮૭૯ ના ડીસેમબરમાં જે કમીટી નેમી હતી, તેમાં શેઠ નાનાભાઇ બી હતા. વળી ૧૮૮૮ ના પ્રદરશન વખતે શેઠ નાનાભાઇએ કરેલી કીંમતી મદદની પીછાણુમાં હીંદી સરકારે એક ખાસ રેજોલ્યુશન મારફત તેવણુનો આભાર માનયો હતો.

શેઠ નાનાભાઇની જાહેર સેવાઓ.

મુંબઇનાં મ્યુનીસીપલ ખાતાંનો વહીવટ જે આગળ સુલેહના અમલદારોની એંગ હસ્તક હતો ત્યારે પણુ શેઠ બેરામજી તથા શેઠ નાનાભાઇ તેના કારભારમાં સારો ભાગ લેતા આવ્યા હતા અને ૧૮૭૩ માં જ્યારે તે વહીવટ પ્રજાના પ્રતીનીધીઓના હાથમાં આવ્યો અને મયુનીસીપલ કારપોરેશન હસતીમાં આવી તે દીનથી મરહુમ શેઠ બેરામજી તથા શેઠ નાનાભાઇ કર ભરનારાઓ તરફથી કોરપોરેટર તરીકે ચુંટી કહડાતા આવ્યા હતા. કોરપોરેશનની "ટાઉન કાઉનસીલ" જેનું નામ ફેરવી પાછલથી "સ્ટાંનડીંગ કમીટી" રાખ્યું છે તેના પણુ શેઠ નાનાભાઇ મેમબર નેમાતા આવ્યા હતા. ૧૮૮૫ ના સાલના જાનેવારી માસમાં તેમને મ્યુનીસીપલ કોરપોરેશનના સભાસદ તરીકે પાછા છેલ્લી વાર કર ભરનારાઓએ ચુંટી કહાડયા હતા. એ રીતે શેઠ નાનાભાઇ ૧૭ વરસવેર કોરપોરેશનમાં અને ૧૪ વરસ વેર ટાઉન કાઉનસીલના સભાસદ નેમાયા કર્યા હતા. એવણુ હમેશા મયુનીસીપલ સવાલોની તકરારોમાં આગેવાન ભાગ લેતા હતા, અને એ મંડળમાં એવો વગવસીલો ધરાવતા હતા. કે કોરપોરેશનના કાઉનસીલર કે સ્ટાંડીંગ કમીટીનાં સભાસદ થવાના કે મુળ મંડળના પ્રમુખપદનાં ઉમેદવારો પોતાની ફતેહ માટે શેઠ નાનાભાઇના વગવસીલા તથા મદદ ઉપર મોટો આધાર રાખતા હતા.

શેઠ નાનાભાઇએ પોતાના ચાલતા વખતમાં પોતે જાહેર જીંદગી ગુજારવામાં ઘણો આગેવાન ભાગ લીધો હતો. તેમજ કોઇ પણુ જાહેર હીલચાલ એવણુની સામેલગીરી વગર તે વખત થઇ શકતી નહી. સવદેશ ઉદ્યોગોની ખીલવણીમાં શેઠ જીજીભાઇ ખાનદાને ઘણો સારો ભાગ લીધો હતો. ગઇ સદીના પાંચમાં દાએકામાં શેઠ જીજીભાઈ દાદાભાઇએ ધી વેસટરન ઇન્ડયા બેંક અને બીજાં ખાતાં સ્થાપવામાં આગેવાની કીધી હતી. તેજ મુજબ શેઠ નાનાભાઇએ ઘણીક સવદેશી પેઢીઓ સ્થાપવામાં પોતાના પીતાને મદદ કીધી હતી, યા તેમની સ્થાપનામાં આગેવાન ભાગ લીધો હતો, અને તે લગભગ સઘળી ફતેહમંદ વહીવટ માટે જાણીતી હતી. બોમ્બે ફાયર ઇનસ્યુરંસ કુંપની જે મુંબઇમાં આગના વીમાની પેહેલવહેલી સવદેશી કંપની હતી તે મરહુમ શેઠ બેહરામજી જીજીભાઇ તથા મી૦ જે. એ. ફોરબસે ઉભી કીધી હતી અને એજ બે સાહસીક મીત્રોએ મુંબઇમાં પેહેલવેહેલી આઇસ બનાવવાની કંપની તેમજ અમદાવાદ, પુના અને કરાંચીમાં આઇસ કંપનીઓની સ્થાપના કરી હતી. તેના ડાયરેકટર તરીકે શેઠ નાનાભાઇએ તેને ખીલવી હતી. તેજ મુજબ પ્રીન્સ ઓફ વેલસ ફાયર ઇનસ્યુરનસ કંપની એજ બાપબેટાથી સ્થાપાઇ હતી. એ ઉપરાંત ગ્રેટ ઇસટરન સ. અને વી. કંપની, ન્યુ બીરાર કંપની, ઓરીએંટલ ગવરમેન્ટ સકીયુરીતી

લાઇફ ઇનસ્યુરંસ કંપની, એલાયનસ સ. અને વી. કં., રીપન મેન્યુફેકચરીંગ કંપની, ન્યુ એપોલો પ્રેસ, રીપન ગોલ્ડ માઇનીંગ કં., ક્રીપર લેનડ રેકલેમેશન કં., ક્યસરે હીંદ ગોલ્ડ માઇનીંગ કં., એંગ્લો ઈંડીયન સપીનીંગ અને મેન્યુ. કં., વાઇનાદ ગોલ્ડ માઇનીંગ, નેપીયર હોટેલ કંપની. ગોરડન મીલ્સ, થેકર એંડ કં., લોરડ રે મીલ્સ, સીટી ઓફ બોંબે મીલ્સ, દખણુ આઇસ કં., બોંમ્બે તેલીફોન કં., કેસ બજાર લીમીટેડ; વગેરેની ખુદ સ્થાપનામાં અથવા તેવોના ડાયરેકટરોની બોરડમાં શેઠ નાનાભાઇની આગેવાન સામેલગીરી હતી. ચેમબર ઓફ કોમરસ, મીલ ઓનરસ એસોસીએશન, જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણુ અટકાવનારી મંડળી, ગાયન ઉતેજક મંડળી અને ફોરટ ઇમપરૂવમેંટ લાયબરેરીના તેમજ બીજી ઘણીક જાહેર મંડળીના એક મેમબર તરીકે મરહુમ શેઠ નાનાભાઇને નેમવામાં આવ્યા હતા.

સને ૧૮૭૧ માં સર કાવસજી જાહાંગીર રેડીમની સી. એસ. આઇ. એ કરેલી લખો રૂપ્યાની સખાવતની હેસાનમાં એવણુની યાદગારી રાખવા નેમાયલી કમીટીના, સને ૧૮૭૨ માં મુંબઇના નામદાર ગવરનર સર સેમોર ફીટઝરાલ્ડ પોતાને વતન જવાથી તેવણુને વીદાયગીરીનું માન આપી તેમની યાદગારી રાખવા નેમાયલી કમીટીનાં, અને સને ૧૮૭૬ માં ખાનદેશમાં ચાલેલા દુકાળ માટેનાં ફંડની કમીટીમાં એક મેમબર તરીકે મરહુમ શેઠ નાનાભાઈની નેમણુંક કરવામાં આવી હતી. એ ઉપરાંત એવણે સંખ્યાબંધ યાદગારીઓની તથા પ્રજાકીય સભાઓ બોલાવવાની આગેવાની લીધી હતી અને યાદગારીનાં તથા રેલ, દુકાળ વગેરે એવાં બીજાં ઘણા ફંડો સ્થાપવામાં આગેવાની લીધી હતી.

મુંબઇ ગેઝેટના માલેક તથા તે પછી પોલીસના વડા મેજીસ્ટ્રેટ મી૦ જોન કોનન ૧૮૭૪ ના સાલમાં વેલાત સીધારયા ત્યારે તેમની યાદગારી જાળવવા માટે મલેલી સભાનું પ્રમુખસ્થાન શેઠ નાંનાભાઇને આપવામાં આવ્યું હતું અને તેના ફંડમાં એવણે સારી રકમ ભરી હતી. ૧૮૭૬ ના સાલમાં શેઠ પેસતનજી ન. કેરાંવાળાએ ગીરગામના રસ્તા ઉપર સ્વીમીંગ બાથ કહાડયો હતો તેને શેઠ નાનાભાઇએ ઉતેજન આપી તેના અખાડામાં પ્રમુખસ્થાને બીરાજી લોકોને તરવાના નાદર હુનર વીશે ઘણુક બોધો દીધા હતા. થીઓસોફીકલ સોસાયટીના પ્રમુખ કરનલ ઓલકોટે જરથોસ્તી ધરમની બુઝોરગી વીશે તા૦ ૧૪ મી મારચ ૧૮૮૨ ને દીને ટાઉન હોલમાં એક ભાશણુ કીધું હતું, તે મધે સરનશીનની ખુરસી શેઠ નાનાભાઈ બેહેરામજીને આપવામાં આવી હતી.

મુંબઇની ત્યુડરની કંપનીએ આઇસની મોનોપોલી હાથ કરવાથી ગરમીની મોસમમાં ઘણીક વાર મુંબઇમાં આઇસ મુદલ મલતું નહી હોવાથી શેઠ બેહેરામજી તથા શેઠ નાનાભાઇની આગેવાની હેઠળ મુંબઇને સસતું, ચાલુ તથા જથામાં આઇસ પુરૂં પાડવાનું પેહેલ વેહેલું કારખાનું ઉઘાડવામાં આવ્યું હતું.

સરકાર અને રઇયત વચે એખલાસ વધારવાનું માન પણુ શેઠ નાનાભાઇનેજ આપી શકાશે. અફઘાન લડાઇએથી પાછા ફરેલા દેશી સીપાહોને એપોલો બંદર નજદીકનાં બાગમાં જ્યાફત આપવાની ગોઠવણુ એ શેઠયાની આગેવાની હેઠળ ઘણું મોટા પાયા ઉપર થઇ હતી. તેજ માફક મીસરની લડાઇએથી પાછાં ફરેલાં લશકરનાં માનમાં પણુ એક 'ફેટ' કરવામાં આવ્યો હતો. તેની

આગેવાની પણ શેઠ નાનાભાઇએ લીધી હતી. તેની ગોઠવણ કરવાને જસ્ટીસ સર બેલીના પ્રમુખપણાં હેઠળ મજગામના 'બેહેરામજી હોલ'માં એક સભા મળી હતી, તે પ્રસંગે શેઠ નાનાભાઇએ શરૂઆતનું ભાશણ કરયું હતું, તેને એટલી બધી અગત્યતા આપવામાં આવી હતી કે તેવણનું આખું ભાશણ તાર મારફત કલકતાના તેના ખબરપત્રીએ લંડન "ટાઇમસ" ઉપર મોકલાવ્યું હતું, જે બીજે દીને લનડનના આગેવાન છાપામાં વીગતે પ્રગટ થયું હતું. લંડનના "ગ્રેફીક" પત્રમાં શેઠ નાનાભાઇનો ફોટોગ્રાફ છપાયો હતો જે અપુરવ માન ગણાય.

ઇજીપ્ટ ખાતે લડાઈ માટે ગયલી હીંદી ફોજે તે તરફ બહાદુરીથી લડી ફતેહ મેળવી તેની મુબારકબાદીમાં તે ફોજને જાહેર ઉધરાટથી એક જીયાફત આપવાને તા૦ ૧૧ મી અકટોબર ૧૮૮૨ ને દીને બેહરામજી હોલમાં એક સભા મળી હતી. એને લગતી ગોઠવણ કરવાને નેમાયલી કમીટીમાં મી૦ એચ. ડબલ્યુ. ટેનંટ સાથે શેઠ નાનાભાઇને જોડયા સેક્રેટરી નેમવામાં આવયા હતા. પાછાં ફરેલાં લશકરના ૧૫૦૦ દેશી અને ૩૦૦ ઇગ્રેજ સીપાહોને આપવામાં આવેલા ખાણા વખતે હાજર થયલાઓમાં દેશી તરીકે શેઠ નાનાભાઇ એખલા હતા.

શેઠ નાનાભાઇ દરેક વરગમાં માનીતા હતા તેમજ મધ્યમ તથા ગરીબ વરગ સાથ વગર તફાવતે વરતતા. એ ગુણ તેવણે પોતાની જીંદગીના છેડા સુધી જાળવી રાખયો હતો. તેવણે આપેલી એક ચોકસ પારટી વખતે ચોકસ ખાતાંના એક મોટા યુરોપીઅન અને એક નાના દેશી અમલદાર સાથે સાથે થઇ ગયા. તે વીશે પેલા મોટા યુરોપીયન અમલદારે આડકત્રો ઇશારો કરયો, જે પેલા દેશી ગ્રહસથને કઢંગી સથીતીમાં મેલનારો હતો. તરતજ શેઠ નાનાભાઇએ પોતાના તે દેશી મીત્ર તરફથી લડત ચલાવી, અને તેવણને આડકતરૂં પણ અપમાન થાય તે સાંખવાને ના પાડી. પેલા યુરોપીયને તરતજ દલગીરી બતાવી અને પોતાના ગોઠયા મેજબાનને કાંઇ માઠું લાગ્યું હોય તો તે માટે ખેદ બતાવયો.

બેકારોને રોજીએ લગાડવામાં આ મરહુમ શેઠયાએ પોતાની કારકીરદી દરમયાન જેટલું કરયું હતું તેટલું બીજા થોડાઓએજ બજાવયું હશે. એ એમના બોહોળા વગવસીલાનું પરીણામ હતું. ફોજદારી કે કાયદાની કે તેવી બીજી મુશકેલીમાં આવી પડેલાને તેમાંથી છોડવવા એવણને વારે ઘડીએ અરજ થતી, તે માટે ગમે તેવી તકલીફ એવણને પડે તેની દરકાર નહી કરતા તેઓનું કામ પોતાની બનતી કોશેશો કરીને ખુશીથી કરી આપતા હતા. ગુજરાત તરફના એક હીંદુ ધર્મગુરૂને થએલી જેલની સજામાંથી તેનો છુટકારો કરાવવા શેઠ નાનાભાઇએ ઠેઠ પુનેવેર જઇ ગવરનર સર જેમ્સ ફરગ્યુસનને તથા બીજા અમલદારોને મલી વગ લગાડયો હતો.

સને ૧૮૭૪ માં થયલા મોટા હુલડ વખતે મુંબઇના એક જાણીતા પારસી કુટુંબનો જવાન કાયદાના સપાટામાં સજડ આવી ગયો હતો એ માટે તેની ધરપકડ થયાની અની પર વાત આવી હતી તે જોઇ તે જવાનને બચાવવા માટે તેના લાગતાવળગતાઓએ શેઠ નાનાભાઇને અરજ કરવાથી એઓ શેઠે રાતોરાત પોતાનો વગવસીલો લગાડી તે પારસી જવાનને બચાવી લીધો હતો.

આ હુલડ વખતે ઘણાક પારસીઓને શેઠ વાહાડયાજીના આતશ બેહરામ આગળ તોફાન તથા મારામારી કરી મોહત નીપજાવવાના ગંભીર વાંક માટે પકડીને સેસન કમીટ કરવામાં

આવ્યા હતા. તે વખતે તેઓના જામીન થવા સારૂ શેઠ નાનાભાઇ હીમતથી બહાર પડયા હતા. તેમજ તેઓને પોતાનો બચાવ કરવા માટે નાણુની તથા બીજી ઘણી કીમતી મદદ શેઠ નાનાભાઇએ તથા એવણુના પીતા શેઠ બેરામજીએ છેવટ સુધી કીધી હતી.

સંખ્યાબંધ દાખલાઓમાં માલમ પડશે કે પોલીસે ધસડાતા નાલા મોટા ફોજદારી કેસોને અટકાવી તેનો ઘરમેલે ચુકાદો લાવી મુસકેલીમાં આવી પડેલાઓને બચાવી તેવો તરફ હમેશા એવણુ પોતાનો દયાલુ દીલગુરદો દેખાડતા હતા. શેઠ બેરામજી તેમજ શેઠ નાનાભાઇ માંગતા લેણુના, ભાગ લાગના તેમજ કુટુંબી મીલકતોને લગતા અને ઘર સંસારને લગતા એવા સેંકડો કેસોમાં વચ્ચે પડી પોતે લવાદી લઇ તેવા કેસોનો ઘરમેલે મનમાનતી સમજુતીથી અને કાએદાની કોરટની ખરચાલુ મદદ વગર નીવેડો લાવી આપતા હતા. એમ કરવાથી બંને તરફના પક્ષકારોને હજારો રૂપીઆના ખરચમાંથી તેમજ છેવટ સુધી કોરટ દરબારે લડવાથી ઉપજતા કચવાટ, કડવાસ નામોશી અને મેહેનતમાંથી બચાવી હેસાનમંદ કરયાં હતાં.

શેઠ નાનાભાઇ ઉપર લકવાએ ૧૮૮૭ અને ૧૮૯૪ વચે બે વાર ગલબો કરયો હતો; પણુ તે સીવાય તેવણુ તનદરોસત હતા. મરણુને આગલે દીને તેવણુ ફરવા જઇ આવયા હતા. બીજી રાતે ૧૨ કલાકે ત્રીજી વાર લકવાએ ગલબો કરયો, અને એક ઘડીમાં તેવણે પોતાનો પ્રાણુ છોડયો. તેવણુની પાયદસતે તેમજ ઉઠમણુની ક્રીયા વખતે ઠઠમાર મીજલસ મળી હતી અને મરહુમની નઇયતે તેવણુના બેટા બેટીઓએ તથા ચાહનારાઓએ રૂપ્યા તેત્રીસ હજારની સખાવત કરી છે. તેનો મુખ્ય ભાગ રૂ. ૧૭૦૦૦ બેહેરામજી જીજીભાઇ પારસી ચેરીટેબલ સકુલના છોકરાઓ સારૂં તેવણુને નામનું ભોજન ફંડ સથાપવાની તેવણુના બેટા શેઠ રૂસ્તમજીની સખાવત તથા યોજના સતુતીપાત્ર છે, કેમકે શેઠ બેહેરામજી જીજીભાઇ તથા શેઠ નાનાભાઇ મહેમાનદારીના ખાં હતાં, અને રોજ સખ્યાબંધ દોસાતેને જમાડવામાં મોટી મોજ સમજતા હતા. તેજ સદગુણ ગરીબ પારસીઓના છોકરાઓને જમાડવાનું આ ફંડ અમર કરશે.

શેઠ નાનાભાઇને ફોટોગ્રાફોનો સંગ્રહ કરવાનો જબરો શોખ હતો, અને આખાં હીંદના બલકે દુનયાના પ્રખયાત આસામીઓ ઉપરાંત પોતાના મીત્રો, સગાં સનેહીઓની તસવીરોથી 'તારદેવ કાસલ'ને તેમજ પુનામાંના "જીજીભાઇ કાસલ" ને તેઓએ ગોયા "પીકચર મ્યુઝીયમ"માં ફેરવી નાંખ્યા હતા.

મરહુમ શેઠ નાનાભાઇ બેહેરામજી જીજીભાઇના ઉઠમણુામાં તેવણુની નઇયતે ભરાયલા રૂ ૩૨૯૫૦ ની વીગત.

મરહુમ શેઠ નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ રોજ ૨૯ મો મીનો મારેશપંદ માહા ૫ મો અમરદાદ અમસાસપંદ શેહેનશાહી સને ૧૨૮૩ યજદેજરદી તા૦ ૭ મી ફેબરવારી સને ૧૯૧૪ ને વાર શનેઉને દીને બેહેસતનશીન થયાં તેવણુના પુનને સાંરૂ તારદેવ ખાતેના એવણુના મકાન

"તારદેવ કેશતલ"માં મરહુમના સાંજે થયલાં ઉઠમણા વખતે મરનારનાં બેશીઓએ રૂ. ૩૨૨૫૦ ભરયા તેની વીગત:—

મરનારનાં દીકરા શેઠ રૂસતમજી બેહેરામજી જીજીભાઇ તથા કુટુંબ તરફથી રૂ. ૧૭,૭૦૦ નીચે મુજબ:—

	રૂપીયા.
મરનારનાં દીકરા શેઠ રૂસતમજી બેરાંમજી જીજીભાઇ તથા ધણીઆણી બાઇ આવાબાઇ...	૭૦૦૦
મરનારનાં નબીરા શેઠ બેહરામજી રૂસતમજી બેહેરામજી જીજીભાઇ તથા ધણીઆણી બાઇ જરબાઇ તથા એઓનાં દીકરાઓ નાનાભાઇ તથા જાંહગીરજી મળી	૨૫૦૦
મરનારનાં નબીરા શેઠ જીજીભાઇ રૂસતમજી બેહેરામજી જીજીભાઇ તથા ધણીઆણી બાઇ ખરશેદબાઇ તથા એઓનાં દીકરા જમશેદજી મળી	૧૫૦૦
મરનારના નબીરા શેઠ દાદાભાઇ રૂસતમજી બેહેરામજી જીજીભાઇ...	૫૦૦૦
મરનારના નબીરા શેઠ મેરવાનજી રૂસતમજી બેહેરામજી જીજીભાઇ	૪૦૦
મરનારના નબીરા શેઠ ખરશેદજી રૂસતમજી બેહેરામજી જીજીભાઇ	૪૦૦
મરનારની નબીરી બાઇ વીરબાઇજી રૂસતમજી બેરામજી જીજીભાઈ	૩૦૦
મરનારની નબીરી બાઇ હીરાંબાઇ રૂસતમજી બેરામજી જીજીભાઇ...	૩૦૦
મરનારની નબીરી બાઇ સુનાબાઇ તથા ધણી શેઠ રૂસતમજી જમશેદજી ખરશેદજી જમશેદજી તથા દીકરા શેઠ માણેકજી	૩૦૦

ઉપલા રૂ. ૧૭,૭૦૦ શેઠ બેહેરામજી જીજીભાઈ પારસી ચેરીટેબલ ઇનસટીટયુશનનાં ફંડમાં એવી સરતે ભરયા છે કે એનું "નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ ભોજન ફંડ" એ નામનું જુદું ખાતું પાડી મુંદલ હમેશ અનામત રાખી તેનાં વ્યાજમાંથી સકુલનાં સરવથી ગરીબમાં ગરીબ છોકરાઓના લાભ માટે ભોજન ફંડ સથાપવું.

મરનારનાં દીકરી બાઇ ગુલબાઇ બમનજી પીટીટ તથા જમાઇ શેઠ બમનજી દીનશાહજી પીટીટ તરફથી ધી બમનજી દીનશાહ પીટીટ પારસી જનરલ આસપીટલમાં મરહુમ શેઠ નાનાભાઇ બેહેરામજી જીજીભાઇને નામનું એક બીછાનું સથાપવા માટે ...	૫૦૦૦
મરનારનાં દીકરી બાઈ ગુલબાઇના દીકરા શેઠ જાંગીરજી બમનજી પીટીટ તથા ધણીઆણી બાઇ જાઇજી અને દીકરી બાઇ હીરાંબાઇ તથા દીકરાઓ બેહેરામજી તથા દીનશાજી તરફથી ધી બમનજી દીનશાજી પીટીટ પારસી જનરલ ઓસપીટલના ફંડમાં.	૧૦૦૦
મરનારનાં દીકરી બાઇ ગુલબાઇના દીકરા શેઠ ધનજીભાઇ બમનજી પીટીટ તથા ધણીઆણી બાઇ હમાબાઇ તરફથી	૫૦૦

એ રૂપીઆ કયાં ફંડમાં આપવા તે હવે પછી નકી થશે.

મરનારનાં દીકરી બાઇ ગુલબાઇના દીકરા શેઠ ફીરોજશાહ બમનજી પીટીટ તરફથી ...	૧૦૦૦

એ રૂપીઆ કયાં ફંડમાં આપવા તે હવે પછી નકી થશે.

મરનારનાં દીકરી બાઈ ગુલબાઈની દીકરી બાઈ દીનબાઇ તરફથી	૨૫૦

એ રૂપીઆ કયા ફંડમાં આપવા તે હવે પછી નકી થશે.

મરનારનાં દીકરી બાઇ ગુલબાઈનાં દીકરી બાઇ માણેકબાઇ તરફથી	૧૦૦

એ રૂપીઆ કયાં ફંડમાં આપવા તે હવે પછી નકી થશે.

મરનારના દીકરી બાઈ માણેકબાઇ ફરામજી તથા જમાઇ શેઠ ફરામજી હોરમસજી આલબલેસ તરફથી "નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ ભોજન ફંડ" માં ...	૫૦૦૦
મરનારનાં દીકરી બાઈ જીજુબાઇ તથા જમાઇ શેઠ નાનાભાઇ અરદેસર મુસ, તથા છોકરાંઓ સોરાબજી, ફરામરોજ, પેસ્તનજી, અરદેસર, અને હીરાંબાઇ તરફથી ...	૫૦૦
એ રૂપીઆ કયા ફંડમાં આપવા તે હવે પછી નકી થશે.	
મરનારના વેવાઈ શેઠ હોરમસજી એદલજી આલબલેશ તથા ધણીઆણી બાઇ મેહેરબાઇ હોરમસજી આલબલેશ તરફથી ધી બમનજી દીનશાજી પીટીટ પારસી જનરલ ઓસપીટલનાં ફંડમાં	૨૦૦
શેઠ પેસ્તનજી નશરવાનજી વાડીઆ તરફથી "નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ ભોજન ફંડ"માં	૫૦૦
ડાક્ટર ધનજીશાહ હીરજીભાઇ પટેલ તરફથી "નાનાભાઇ બેરામજી જીજીભાઇ ભોજન ફંડ"માં	૫૦૦
	૩૨૨૫૦

પાછલી રાતનાં ઉઠમણામાં ભરાયલા:

મરનારની દીકરી બાઇ ગુલબાઇ તે શેઠ બમનજી દીનશાજી પીટીટના ધણીઆણીએ	૭૦૦
એ રૂપીઆ કયા ધરમખાતાંમાં આપવા તે હવે પછી નકી થશે.	
કુલ્લે રૂ૦......૩૨,૯૫૦	

શેઠ નાનાભાઇના મરણ માટે કોરપોરેશને પસાર કરેલો દલગીરીનો ઠરાવ.

મુંબઇની મયુનીસીપલ કારપોરેશનની એક સભા તા૦ ૯મી મારચ ૧૯૧૪ ને દીને પાછલા પોહોરના ૩ કલાકે કોરપોરેશન હોલમાં મી૦ એ. એમ. ટોડનાં પ્રમુખપણા હેઠળ મળી હતી જે વખતે આ૦ સર ફીરોઝશાહ એમ. મેહેતાએ દરખાસત કરી કે મી૦ નાનાભાઇ બેહેરામજી જીજીભાઇ જેઓએ એક જાહેર શેહેરી તરીકે સઘળી શેહેરી બાબદોમાં આગળ પડતો ભાગ લઇ ૧૭ વરસ સુધી કોરપોરેશનમાં અને ૧૪ વરસ સુધી ટાઉન કાઉનસીલમાં પ્રજાની ઉપયોગી સેવા બજાવી હતી તેમના ગઈ તા૦ ૭ મી ફેબરવારીએ નીપજેલાં મરણની ખબર આ સભાએ દલગીરી સાથે સાંભળી છે. આ ઠરાવની એક નકલ મરનારના કુટુંબપર તેમની ઉપર આવી પડેલા દુઃખ માટે કોરપોરેશનની દીલસોજી સાથે મોકલી આપવી.

સર ફીરોઝશાહ મેહેતા દરખાસતના સંબંધમાં બોલ્યા કે મરનાર ૧૭ વરસ સુધી આ કોરપોરેશન અને ૧૪ વરસ સુધી સટેનડીંગ કમીટીના સભાસદ હતા. એજ દેખાડે છે કે તેઓ લાંબા વખત સુધી આ કોરપોરેશન સાથે જોડાયલા હતા. તે વેળાનું મયુનીસીપલ કામકાજ

સુધારવા માટે યુરોપીયન અને હીંદીઓ સાથે મળીને કામ કરતા હતા. આ કોરપોરેશન તે માટે એ બને કોમના સુધારાવાળા પુરૂષોના પ્રયતનોને આભારી છે. મરહુમ તે વેળાના યુરોપીયનો સાથે મળીને કામ કરવા માટે જાણીતા થયલા છે. તબીબી અને લશકરી ખાતાંવાળા અમલદારો પણ તે વખતે દેશીઓ સાથે ભેળાતા હતા. મી૦ બેરામજી જીજીભાઇ જેવાણુ તે વખતે મી૦ નાનાભાઇ બેરામજીને નામે ઓળખાતા હતા તેઓ તથા મી૦ વીશવનાથ નારાયણ મંડળીક, મી૦ નારાયણ વાસુદેવ અને મી૦ રઘુનાથ નારાયણ ખોટે સાથે અમો મળીને આ શેહેરનાં ભલાં માટે કામ કરતા હતા. મી૦ બેરામજી જીજીભાઇ મારા એક મીત્ર હતા. તેઓ જાહેર જીંદગીમાંથી કેટલોક વખત થયો રીટાયર થયલા હતા અને તેમના મરણથી મને ખરેખર ખેદ ઉપજ્યો છે. તેમના મરણથી મને અંગત ખોટ ગઇ છે પરંતુ તે સાથે શેહેરને પણ મોટી ખોટ ગઇ છે, કારણકે તેવણે શેહેરની ઉપયોગી સેવા બજાવી હતી. એ પછી શેઠ દીનશાહ વાછાએ જણાવ્યું કે મી૦ નાનાભાઇ બેરામજી જે કામ હાથ લેતા તેમાં તેમને ફતેહ મળતી અને તેઓ ' કીંગ મેકર ' તરીકે ઓળખાતા હતા, કારણ કે શેહેરમાં તેમજ કોરપોરેશનમાં તેમનો ડંકો વાગતો હતો.